**કરણકુમાર ભાવસાર**
કાર્યપાલક ઈજનેર
બ્રીજ વિભાગ

**સુરત મહાનગરપાલિકા**
શ્રી તાપી ભવન, તાપીપુરા, સુરત – ૩૯૫ ００૩
ફોન નં.: ૨૪૨ ૩૭૫૧ થી ૫૬, ૨૪૨ ૨૨૮૫ થી ૮૭, એક્ષ.નં.૫૧૧
મો.નં.૬૩૫૯૯–૦૯૦૮૩,
Email : exen.bridge@suratmunicipal.org

**–: સંમતિ પત્રક :–**

બ્રીજસેલ/આ.નં.૧૮૪
તા.૦૫/૦૫/૨૦૨૬

**પ્રતિ,**

**વિષય :–** સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં આવેલ વિવિધ બ્રીજો (SEZ,SZ-A & B) ને વાર્ષિક ધોરણે કલર કરવાના કામ બાબત.

**સંદર્ભ :–** (૧) સ્થાયી સમિતિ ઠરાવ નં.૪૬૮/૨૦૨૬, તા.૨૭/૦૨/૨૦૨૬ થી અગાઉ મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવે અને શરતે.
(૨) સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૨૨૬/૨૦૨૫, તા.૦૩/૦૭/૨૦૨૫.
(૩) મા. એડી. સીટી ઈજનેરશ્રી(સીવીલ) અને ઈ.ચા. સીટી ઈજનેરશ્રીની તા.૧૮/૦૩/૨૦૨૬ ની મંજુરી

**મહાશય,**

સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં આવેલ વિવિધ બ્રીજો (SEZ, SZ-A & B) ને વાર્ષિક ધોરણે કલર કરવાના કામે સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ ઠરાવ નં.૪૬૮/૨૦૨૬, તા.૨૭/૦૨/૨૦૨૬ થી અગાઉ મંજુર ભાવે અને શરતે રૂા.૧૫,૦૦,૦૦૦.૦૦ (GST સહિત) ની મર્યાદામાં સદરહું કામગીરી કરવા તમો રસ ધરાવતા હોવ, તો આપનું ઈ.એમ.ડી. રૂા.૧૫,૦૦૦.૦૦ સહિતનું સંમતિપત્રક **તા.૧૯/૦૫/૨૦૨૬** સુધીમાં નીચે સહી કરનારને મોકલવા ઘટતું કરશો.

**–: શરતો :–**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૧૫,૦૦૦.૦૦ ની આપવાની રહેશે.

૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક આ સાથે સામેલ છે.

૩. ઈજારદારે સમાન કાર્યો સફળતા પૂવર્ક પૂર્ણ કર્યાનો અનુભવનાં સર્ટીફીકેટ (ફોર્મ–૩(A) ) સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૪. ઈજારદારે છેલ્લા ૦૩ (ત્રણ) વર્ષના આઈ.ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૫. ઈજારદાર GST રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૬. ઈજારદારે પાનકાર્ડ રજુ કરવાનું રહેશે.

૭. સ્થાયી સમિતિ ઠરાવ નં.૪૬૮/૨૦૨૬, તા.૨૭/૦૨/૨૦૨૬ થી અગાઉ મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવે અને શરતે ટેન્ડરના પ્રાઈઝબીડ અને ટેકનીકલ બીડની શરતોને ઈજારદારશ્રી બંધનકર્તા રહેશે.

૮.કોઈપણ તથા બધા જ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૯. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવવાના રહેશે.

૧૦. તમામ સરકારી/અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૧. સદર કામગીરી બાબતે અત્રેના બ્રીજસેલ વિભાગના ટેકનીકલ સ્ટાફના સંપર્ક કરવો.

૧૨. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detailed Technical Specification મુજબ કરવાની રહેશે.

૧૩. આ કામ પુરુ કરવાની સમયમર્યાદા વર્કઓર્ડરની તારીખથી દિન–૧૦ (દસ) પુરા થયેથી ૦૯ (નવ) માસની ગણવાની રહેશે.

**SD**
કાર્યપાલક ઈજનેર
બ્રીજ વિભાગ
સુરત મહાનગરપાલિકા